# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

જલસેવા ભવન, "છ" રોડ, સેક્ટર- ૧૦/એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦

ફોન નં. ૦૭૯- ૨૩૨૨૨૨૬૩, ૨૩૨૨૨૫૪૭, ૨૩૨૨૫૯૭૨

ફેક્સ: ૦૭૯- ૨૩૨૨૨૬૮૪/ ૨૩૨૩૦૬૨૩

*GWSSB CPF TRUST* વેબ સાઈટ: www.gwssb.gujarat.gov.in ઈ-મેલ: cpfgwssb@gmail.com


स्वच्छ भारत

एक कदम स्वच्छता की ओर

ક્રમાંક/એબી-૧૮/સી.પી.એફ્રીકન્સીલેશન૨૧-૨૨/ ૨૧૨ /૨૦૨૨ તા. ૧૫/ ૩/૨૦૨૨

પ્રતિ,
કાર્યપાલક ઈજનેરશ્રી સર્વે, (ઇડી કચેરી)
ગુ.પા.પુ અને ગ.વ્ય બોર્ડ

વિષય:- <u>વર્ષ ૨૦૨૧-૨૨ ની સી.પી.એફ ની કપાત તેમજ તેને લગતી અન્ય બાબતોનું "રીકન્સીલેશન" કરવા બાબત.</u>

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, આપના તરફથી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દર માસના પગારમાંથી સી.પી.એફની કપાતો જેવી કે કર્મચારીની સી.પી.એફ. કપાત, વી.પી.એફ., અધર કપાત, Payment (Arreas, H.P.) ની સી.પી.એફ. કપાત, સી.પી.એફ. એડવાન્સ રીકવરી જેવી કપાતો કર્યા બાદ ઈ-મેઈલ ધ્વારા તથા ત્યારબાદ સહી સિક્કા સાથેની વિગતના જે.ઈ.ના પત્રકો સાદર કરવામાં આવે છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ હાલ પુર્ણતાના આરે છે. આપની કચેરીની માહે માર્ચ-૨૧ થી ફેબ્રુઆરી-૨૨ સુધીની ૧૨ માસની કપાતોની વિગત આ સાથે ચકાસણી અર્થે મોકલી આપવામાં આવે છે. આપશ્રીને આપની કચેરીના પે-બીલના રેકર્ડ તેમજ આપના હિસાબી શાખાના ફોર્મ-૮૦ પત્રક સાથે **<u>હિસાબી સદર ૧૩૦૧-૦૦/ ૧૩૦૧-૦૧ અને ૨૯૧૩-૨૩</u>** વિભાગીય હિસાબનીશને સાથે રાખી સરખામણી કરીને વિસંગતતા છે કે કેમ? તેની વિગતો આ સાથે મોકલવામાં આવેલ પત્રક (પાછળ) મુજબ ચકાસણી કરી સંબંધિત કચેરીના વિભાગીય હિસાબનીશશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીના સહી સિક્કા સાથે રૂબરૂમાં ૦૨ (બે) કોપીમાં સત્વરે પરત કરવા જણાવવામાં આવે છે. **<u>સદર કામગીરી સંભાળતા કર્મચારીએ અત્રેની શાખામાં સદર પત્રક તેમજ માહે ફેબ્રુ-૨૨ paid in માર્ચ-૨૨ની CPF J.E. લઈને રૂબરૂમાં આવવાનું રહેશે. જે વિદિત થાય.</u>**

વધુમાં જણાવવાનુ કે, આ સાથે મોકલવામાં આવેલ આપની કચેરીના સી.પી.એફ. કપાત પત્રકમાં ઘણીવાર નીચે મુજબના કારણોસર કર્મચારીની સી.પી.એફ. સ્લીપમાં ભુલો આવે છે.

1. કર્મચારીના ખોટા નામ અને નંબર ભુલ સુધાર્યા વગર અત્રે માસિક જે.ઈ.માં રજૂ કરવામાં આવે.
2. વી.પી.એફ ની રકમ પેશગીમાં તથા પેશગીની રકમ વી.પી.એફ માં બતાવવામાં આવે આવતી દ્રારા રજૂ કરવામાં આવેલ જે.ઈ.માં
3. અન્ય કપાતની રકમ વી.પી.એફ તરીકે અથવા વી.પી.એફ. ની રકમ અન્ય કપાતમાં મોકલવામાં આવે.
4. જે.ઈ. માં મોકલવામાં આવેલ રકમ તેમજ ખરેખર કપાત કરેલ રકમમાં તફાવત પડતો હોય.
5. અગાઉના વર્ષોની ભૂલ- સુધારણા બાકી રહેતી હોય.

ઈ.ડી. કચેરી ધ્વારા કરવામાં આવતી ઉપરોક્ત ભૂલોના કારણોસર વાંધા અરજીઓ વધી થવા પામે છે. તેમજ સી.પી.એફ. સ્લીપ ઇસ્યુની કામગીરી માં પણ વિલંબ થવા પામે છે.

જેથી, ઈ.ડી. કચેરી ધ્વારા આવી કોઈ પ્રકારની ભુલો થયેલ નથી તેની ચકાસણી કરી એ મતલબનું પ્રમાણપત્ર પણ સાથે લઈને આવવાનું રહેશે. આવી અન્ય કોઈ પ્રકારની ભુલો જો ઈ.ડી. કચેરીના ધ્યાને આવેલ હોય તો તેની પણ વિગતો સાથે લાવવાની રહેશે. જેથી, ચાલુ નાણાંકીય વર્ષમાં જરૂરી સુધારા કરી સાથે કર્મચારીશ્રી/ અધિકારીશ્રીઓને સી.પી.એફ. સ્લીપ સમયસર ઇસ્યુ કરી શકાય.

Rohit

(આર.પી.લાલવાણી)
સીની. મેનેજર(ના/હિ)

બિડાણ:- (૧) વર્ષ: ૨૦૨૧-૨૨ની માસવાર સી.પી.એફ. જે.ઈ.
(૨) વિભાગીય કચેરી દ્રારા આપવાનું પ્રમાણપત્ર

# :: <u>પ્રમાણપત્ર</u> ::

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન અત્રેની કચેરી ધ્વારા માસવાર મોકલેલ સી.પી.એફ. ની કપાતની જે.ઇ. વડી કચેરીના સી.પી.એફ. કપાતના રેકર્ડ સાથે મેળવણું કરેલ છે તથા આ જ રકમ સંબંધિત કર્મચારીના પગાર બિલના રેકર્ડ સાથે ખરાઇ કરેલ છે. જે બરાબર છે. જે મુજબ કપાત કરેલ રકમ પ્રમાણેની જે.ઇ. વડી કચેરીને સાદર કરેલ છે.

(સહી)
વિભાગીય હિસાબનીશ
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
.....................................

(સહી)
કાર્યપાલક ઈજનેરશ્રી
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
.....................................